# જ્ઞાન અને બલોપાસનાની મૂર્તિ હનુમાનદાદા

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

શ્રી રામભક્ત બુધકૌશિક ઋષિએ રામરક્ષાસ્તોત્રમાં રામસેવક શ્રી હનુમાનદાદા માટે વર્ણવ્યું છે.

'મનોજવં મારુતતુલ્યવેગં| જિતેન્દ્રિયં
બુદ્ધિમતાં વરિષ્ઠમ|
વાતાત્મજં વાનરયુથમુખ્યં |
શ્રી રામદૂતં શરણં પ્રપદ્યે ||

અર્થ- મનની મતિ પ્રમાણે ગમન કરનારો, પવન જેવો વેગવાન પોતાની બધી ઇન્દ્રિયો પર કાબૂ મેળવનારો ઇન્દ્રિયોને સ્વાધીન રાખનારો, બુદ્ધિવાદીઓમાં શ્રેષ્ઠ, વાનરસંઘનો મુખ્ય એવા બલાઢ્ય એવા વાયુપુત્ર શ્રીરામદૂત હનુમાનશ્રીને હું શરણ છું. શ્રી બુધકૌશિક ઋષિ બ્રહ્મજ્ઞાનીએ શ્રી હનુમાનદાદાનું આવું સરસ વર્ણન કરીને શ્રી હનુમંતને શરણે ગયા છે. બધાં જ દેવ-દેવી -દેવતાઓ માનવ ઉપકારી, માનવપ્રેમી અને મનુષ્ય માટે કલ્યાણકારી છે. માનવ અવતારી પ્રભુ શ્રી રામચંદ્ર ભગવાનને આખું બ્રહ્માંડ, નરનારી, ઋષિમુનિ, દેવો પૂજે છે અને તેમનો દાસ કહેવાતો હનુમાન એક વિશેષ ઓળખ ધરાવે છે.



શ્રી હનુમાનનો જન્મ ચૈત્રી સુદ પૂનમના દિવસે મળસ્કે સૂર્યોદય સમયે થયો છે. શાસ્ત્રાધારે ફકત શ્રી રામપ્રભુ માટે જ હનુમાન એટલે મારુતિનંદનનો જન્મ થયો છે. તે પણ એવા સમયે જ્યારે પ્રભુ રામ પત્ની સીતામાઇ સાથે, લક્ષ્મણ સાથે વનવાસી બન્યા હતા. પત્ની સીતાનું અપહરણ થયું હતું. શ્રીરામ શોકમગ્ન અવસ્થામાં વનપ્રવાસી થઇને સીતાજીની શોધમાં હતા. મારુતપુત્ર પવનરાજ કેસરી અને પવિત્ર અંજની દેવીના દૈવીપુત્ર હતા. જન્મથી જ પરાક્રમી, નિષ્ઠાવાન, જ્ઞાની અને સિદ્ધિ પ્રાપ્ત બલાઢ્ય, બળશાળી વાનર યોનિના વાનરાધિપતિ બન્યા હતા. કિસ્કિંધા નગરીના નરેશ સુગ્રીવરાજની સેનામાં પરાક્રમી સેના નાયક સેનાપતિના રૂપમાં સુગ્રીવરાજના અંગત સહવિચારી હતા અને હનુમાન મનોમન રામની ભક્તિ કરતા હતા. શ્રી વિષ્ણુનો અવતાર શ્રીરામસ્વરૂપ અયોધ્યામાં પરાક્રમી રાજા દશરથના સંતાનરૂપે મહારાણી સાત્ત્વિક કૌશલ્યાની કુખે રામજન્મ થયો છે. તેથી શ્રીરામના મિલન માટે તે ઉતાવળા હતા અને શ્રીરામ પણ હનુમાન ક્યારે મળે તેની રાહ જોતા હતા. વાનરરાજ સુગ્રીવરાજાને સંદેશ મળ્યો કે અયોધ્યાનો રાજકુમાર વનવાસી બનીને વનમાં ભટકે

> લંકાદહન કરીને મર્કટલીલા ન કરી પણ લંકાની રાક્ષસી પ્રજાને રામસેવકનો પરચો બતાવ્યો. અશોકવાટિકાનું અપરિમિત નુકસાન કરીને રામસૈનિકની પ્રબળ શક્તિ બતાવી

છે એટલે તેમણે હનુમાનને આજ્ઞા કરી. અયોધ્યાનો રામ જંગલમાં ફરે છે. તેની શોધ કરીને સન્માનપૂર્વક અહીં લઇ આવશો.અષ્ટમહાસિદ્ધિ અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, ઇશિત્વ, વશિત્વ પ્રાકામ્ય અને પ્રાપ્તિને હસ્તગત હનુમાન વનમાં રામલક્ષ્મણને બ્રાહ્મણ યજમાન રૂપ લઇને મળે છે. શાંતિ, સમાધાન, પ્રસન્નતા પામે છે. શ્રીરામનું અદ્દભુત સ્વરૂપ જોઇને મનોમન પ્રસન્ન ચિત્ત હનુમાન પોતાના સ્વામી શ્રી રામને જોઇને વાર્તાલાપ કરીને પોતાનું ખરું રૂપ પ્રગટ કરીને રામલખનને રાજા સુગ્રીવના દરબારી ગુહામાં પધારે છે. સુગ્રીવ જોડે શ્રીરામની મૈત્રી અને રામ હનુમાન પ્રથમ મિલન સુંદર કાંડનો રામાયણમાં બહુ જ સરસ પ્રસંગ મહર્ષિ વાલ્મિકીએ ગોઠવ્યો છે અને હનુમાનનું શ્રીરામ સેવાકાર્ય શરૂ થાય છે. હનુમાનની સેવાપદ્ધતિ, નિષ્ઠા, બૌદ્ધિક ક્ષમતા, વીરત્વ, વિશ્વાસ, પરાક્રમ પર શ્રીરામને વિશ્વાસ જાગ્યો એટલે સંત તુલસીદાસે લખ્યું શ્રીરામ કહે છે, ''હે હનુમાન! તું મમ ભરતસમ ભાઈ.'' સીતાજીની શોધમાં શ્રીરામ હનુમાનને જ લંકામાં મોકલે છે. અજબની વકતૃત્વ શક્તિ, જ્ઞાનનિષ્ઠ વૈચારિક ભાષાપ્રવાહ અને અર્થગંભીર વાણીથી અશોકવાટિકામાં સીતા સામે પ્રસ્તુતિ પહેલાં એક ઝાડની પાછળ સંતાઈને રામજીના ઇક્ષ્વાકુ કુળનું સમગ્ર વર્ણન સીતાને સંભળાવ્યું અને ત્યાર પછી રામે આપેલી ઓળખ વીંટી મુદ્રા સીતાજી આગળ ધરીને રામદૂત તરીકે સીતાજી સામે પ્રગટ થયા. લંકાદહન કરીને મર્કટલીલા ન કરી પણ લંકાની રાક્ષસી પ્રજાને રામસેવકનો પરચો બતાવ્યો. અશોકવાટિકાનું અપરિમિત નુકસાન કરીને રામસૈનિકની પ્રબળ શક્તિ બતાવી.

શત્રુબંધ રાવણના ભાઈ વિભીષણને પોતાની શિબિરમાં દાખલ કરવા પહેલાં રામે હનુમાનના વિચારોને જાણી લીધા. લંકાયુદ્ધ જીત્યા પછી સીતાને વિજય સંદેશો આપવા રામ હનુમાનને મોકલે છે. અયોધ્યા ગમનના સમાચાર ભરતજીને આપવા રામ હનુમાનને મોકલે છે. હનુમાન એટલે ભક્તિ અને શક્તિનો સંગમ, સેવક અને સૈનિકનો અણમોલ સહયોગ, આજે ભારતના યુવાનોએ હનુમાન જેવું જીવન ગાળવાની આવશ્યકતા છે. ચમચી તેલ અને આંકડાની માળા હનુમાનને અર્પણ કરવા કરતાં બ્રહ્મચર્ય માંગલ્ય, પાવિત્ર્ય, ચારિત્ર્ય અને દેશનિષ્ઠામાં જાગૃતતા એ જ હનુમાન જયંતીની આરાધના છે. જય બજરંગ બલી.

# પ્રેરણામૂર્તિ- શ્રી હનુમાનજી

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

આજનો યુગ સ્પર્ધાનો યુગ છે. કોઈને બુદ્ધુ બનવું પાલવે એમ નથી. સૌને બુદ્ધિશાળી બનવું છે. ગણપતિ એટલે જ્ઞાન. મા શારદા, દેવી સરસ્વતી વક્તૃત્વ-શક્તિ પ્રદાન કરે. તો હનુમાનજી પણ 'જ્ઞાનિનામગ્રગણ્યમ' છે. જ્ઞાનીઓમાં અગ્રગણ્ય છે. સાથે સાથે 'બુદ્ધિમતાં વરિષ્ઠમ' છે. ખરું ને? હાલ પરીક્ષાના દિવસો ચાલે છે. વિદ્યાર્થીઓએ ખાસ 'હનુમાન ચાલીસા'ના પાઠ કરવા. તા. 12-4-25ના રોજ હનુમાન જયંતી છે. આજે મારે પૂ. ગુરુદેવની વાતો જ આપ સૌ સમક્ષ રજૂ કરવી છે. હનુમાન એટલે ધ્યેય, પ્રાપ્તિ માટે થતો પ્રચંડ પુરુષાર્થ- હનુમાન એટલે શ્રદ્ધા,

> હનુમાન એટલે ધ્યેયપ્રાપ્તિ માટે થતો પ્રચંડ પુરુષાર્થ- હનુમાન એટલે શ્રદ્ધા, સંકલ્પ અને સામર્થ્યનું સંગમતીર્થ. આપણે ત્યાં જ્ઞાની અને વિદ્વાનો તો ઘણા હોય પણ જ્ઞાન સાથે પરાક્રમ પણ હોય એવું ઓછું જોવા મળે

સંકલ્પ અને સામર્થ્યનું સંગમતીર્થ. આપણે ત્યાં જ્ઞાની અને વિદ્વાનો તો ઘણા હોય પણ જ્ઞાન સાથે પરાક્રમ પણ હોય એવું ઓછું જોવા મળે. હનુમાનજી જ્યારે સીતાજીની શોધ કરવા નીકળ્યા ત્યારે મૈનાક પર્વત આવ્યો પણ વિસામો કરવા ન રોકાયા. સ્પર્શ કરીને, પ્રણામ કરીને 'રામ કાજ કીન્હે બિનુ મોહિ કહાં વિશ્રામ' કહી નીકળી ગયા, આ છે એમની નિષ્ઠા! એમની પાસે એ શીખવાનું છે કે પૂર્ણતાના આગ્રહ સાથે કાર્ય કરવું. મન ભાંગી પડે ત્યારે એમને જ કહેવાનુ કે 'બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહિં, હરહુ ક્લેસ બિકાર.' હનુમાનજી દાસ્ય ભક્તિના આચાર્ય છે.

હનુમાનજીની મુલાકાત રામ-લક્ષ્મણ સાથે થઈ. હનુમાનજી વિચારે છે કે 'હું રામજી સાથે કયા નાતે જોડાઉં? વિચાર કરે છે કે પ્રભુ, માતા-પિતા સાથે વાત્સલ્ય ભાવે જોડાયેલા છે એટલે વાત્સલ્ય ભાવની ખુરશી પર માતા-પિતા છે. બીજા ભાવ તરફ દૃષ્ટિ જાય છે- શાંત ભાવ તરફ. જુએ છે કે શાંત ભાવની ખુરશી પર પ્રભુના ભાઈઓ- ભરત, શત્રુઘ્ન, લક્ષ્મણ બેઠા છે. કારણ ભાઈઓ વચ્ચે શાંત ભાવ હોય. ત્રીજી ખુરશી-શૃંગાર ભાવની છે જેમાં શ્રી સીતાજી બિરાજમાન છે. પતિ-પત્ની વચ્ચે શૃંગાર ભાવ હોય. ચોથી ખુરશી છે- સખ્ય ભાવની. હનુમાનજી વિચારે છે કે તેમાં સુગ્રીવ અને વિભીષણને બેસાડીશ. હવે મારે માટેનું સ્થાન ક્યું છે? વિચાર્યુ કે પ્રભુના દાસનું સ્થાન રિક્ત છે ત્યાં હું બેસી જઈશ અને હનુમાનજી 'દાસ' બન્યા. આમ હનુમાનજીની ભક્તિ દાસ્ય ભાવની છે. સેવાધર્મ સૌથી શ્રેષ્ઠ છે પણ સૌથી કઠીન છે. રામ સેવકના રૂપમાં ભગવાન રામની સેવામાં ઉપસ્થિત છે અને એમની સેવા એવી કે સ્વયં રામને ઋણમાં રાખ્યા. 'જગતમાં એક જ એવો જન્મ્યો રે જેણે રામને ઋણી રાખ્યા.' હનુમાન ચાલીસાના પાઠના આરંભે આપણે 'શ્રી ગુરુચરણ સરોજ રજ નિજ મન મુકુરુ સુધારિ.' કહીએ છીએ. એ અર્થમાં હનુમાનજી ગુરુ છે. હનુમાનજી પાસેથી સેવાધર્મ શીખવાનો છે. સેવક જ્યારે સેવાથી સુખ લેવા લાગે ત્યારે સમજવું કે તેની સેવામાં કંઈક ખામી છે. સેવા સુખ લેવા માટે નહીં પણ સુખ આપવા માટે છે. સુખ આપીને જે સુખ મળે તે પ્રસાદ છે. વળી એક અર્થમાં હનુમાનજી રૂદ્રાવતાર છે અને ભગવાન શિવ ત્રિભુવન ગુરુ છે એટલે હનુમાનજી સદગુરુના રૂપમાં પણ આપણું માર્ગદર્શન કરે છે. સુંદરકાંડમાં શ્રી હનુમાનનું ચરિત્ર છે. હનુમાન ચરિત્ર શીખવે છે કે આપણે કેવી રીતે આરાધ્યની સેવા કરવી? હનુમાનજીના ચરિત્રની પ્રસિદ્ધ કથા અનુસાર બાળપણથી જ એમણે પરાક્રમનાં દર્શન કરાવ્યાં. તેમાં તેઓ સૂર્યને ફળ સમજીને ગળી ગયા એવો ઉલ્લેખ છે- 'બાલ સમય રવિ ભક્ષ લિયો' મતલબ સૂર્ય એટલે પ્રકાશ. જ્ઞાનનું પ્રતીક છે અને હનુમાનજી બાળપણથી સૂર્યની ભૂખ એટલે કે પ્રકાશની ભૂખ, જ્ઞાનની ભૂખ, વિદ્યાની ભૂખ લઈને જન્મ્યા છે. પ્રત્યેક બાળકે હનુમાનજી પાસેથી આ પ્રેરણા લેવાની છે. આપણી પાસે બળ, બુદ્ધિ અને વિદ્યા હોય. આ ત્રણેયની આપણને આવશ્યકતા છે. એની સાથે હનુમાનજીને એ પણ પ્રાર્થના કરીએ કે જીવનમાં અનેક પ્રકારનાં કલેશ અને દુ:ખોનો સામનો કરવો પડે છે એ હરી લો. સાથે મનમાં કામ, ક્રોધ, લોભ જેવા વિકારો છે. એ આપણા આરાધ્ય શ્રી હનુમાનજી હરી લે એવી પ્રાર્થના આપણે કરીએ. કળિયુગમાં સૌથી વધુ જાગૃત દેવતા શ્રી હનુમાનજી છે. રામકૃપાથી સુગ્રીવ કિષ્કિંધાની ગાદી પર બિરાજે છે. સંપત્તિ અને સત્તા મળે છે પણ એ રામને, રામકાર્યને ભૂલી જાય છે. ત્યારે શ્રી હનુમાનજી એક નિર્ણાયક સ્થિતિમાં આવે છે. હનુમાન 'પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા' છે અને હનુમાનજીએ દુશ્મનની નગરી લંકામાં 'નવ તુલસીકા વૃંદ' એવું વિભીષણનું ઘર જોયું અને રામ રામનો ઉચ્ચાર કરી રહેલા વિભીષણને જોયા. આશ્ચર્ય થયું કે અહીં પણ કોઈ 'અપનેવાલા હૈ' અને સીતાજીની શોધ કાર્યમાં વિભીષણની મદદ મળે છે. સીતાજીને પોતાનો પરિચય આપતા કહે છે હનુમાનજી કે- 'રામદૂત મૈં,'' પોતાના સ્વામી રામ પ્રત્યે હનુમાનજીને એટલી તો પ્રીતિ છે કે જ્યાં-જ્યાં રામકથા થતી હોય ત્યાં- 'યત્ર યત્ર રઘુનાથ કીર્તન તત્ર તત્ર કૃતમસ્તકાંજલિમ! બાષ્પ વારિ પરિપૂર્ણ લોચનં મારુતિં નમત રાક્ષસાન્તકમ'. અશ્રુપૂર્ણ નેત્રે નતમસ્તકે હનુમાનજી ઊભા રહે છે. રામકથામાં એમની અચૂક હાજરી હોય છે. અરે! ત્યાં સુધી કે રામ જ્યારે સાકેતધામ જવા તૈયાર થાય છે. સૌને પોતાની સાથે લઈ જવાની તૈયારી છે. હનુમાનજીને પણ આગ્રહ કરે છે ત્યારે શ્રી હનુમાનજી કહે છે પ્રભુ, ત્યાં આપ છો આપની કથા નથી. હું અહીં જ રહીશ. કહીને રોકાઈ જાય છે. આ છે એમની કથા પ્રીતિ! હનુમાનજી વૈરાગ્યનું સ્વરૂપ છે. સિદ્ધિઓ એમની દાસી છે. 'અષ્ટ સિદ્ધિ નવનિધિ કે દાતા' એ સિદ્ધિઓનું દાન કરનારા છે. હનુમાન મતલબ જેમણે 'માનને હણ્યું છે.' પૂ. ગુરુદેવ એક સરસ વાત કરે છે કે શ્રી કૃષ્ણે ટચલી આંગળી પર અને તે પણ ડાબા હાથની, ગોવર્ધન પર્વત ધારણ કર્યો તો તેઓ ગિરિધર કહેવાયા. હનુમાનજીએ આખેઆખો દ્રોણાચલ પર્વત ઉપાડી એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂક્યો તો ય એમને આપણે ગિરિધર નથી કહેતા. તેથી જ કહેવાયું કે-

'છોટા કામ બડો કરે તો ન બડાઈ હોય,
રહિમન જ્યૂં હનુમંત કો ગિરિધર કહે ન કોઈ'

વળી એમ પણ કહેવાય કે- 'ક્યાં કરે કિરતાર કો, ક્યાં પ્રારબ્ધ કા ખેલ! વિભીષણ કો રાજ્ય મિલા ઔર હનુમાજી કો તેલ.' વિભીષણને આખે આખી સોનાની લંકા! અને હનુમાનજીને દર શનિવારે એક પાવલું તેલ! રામ-સુગ્રીવની મૈત્રી હનુમાનજી દ્વારા થાય છે. જીવની ઈશ્વર સાથે મૈત્રી ન થાય ત્યાં સુધી જીવન સફળ ન થાય. હનુમાનજી વકીલાત ન કરે ત્યાં સુધી રામજી અપનાવે નહીં. હનુમાનજીએ વિભીષણની પણ વકીલાત કરી છે અને રામજી એનો પણ સ્વીકાર કરે છે. સુંદરકાંડમાં રામભક્ત હનુમાનજીની કથા છે જે સૂચવે છે કે જીવનને સુંદર બનાવો, ભક્તિમય બનાવો. 'લંકા' શબ્દને ઉલટાવવાથી થશે કાલમ- કાળ સર્વને મારે પણ એ કાળને પણ હનુમાનજી મારે છે- જે લોકો સાધના પથ પર અગ્રેસર થવા ઈચ્છતા હોય તેનું માર્ગદર્શન કરનાર ગુરુ છે શ્રી હનુમાનજી.હનુમાન જયંતીએ ગુરુકૃપાથી રામદૂત અતુલિત બલધામા હનુમાનજીના ચરિત્રનો સ્પર્શ કરી પવિત્ર થઈએ.

(પૂ. રમેશભાઈ ઓઝા
(પૂ.ભાઈશ્રી)ના સત્સંગને આધારે)